સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના તથા કાર્ય પધ્ધતિ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૦૭- ૫૦- અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ -૩-૨૦૦૮.
25 MAR 2008

**વંચાણે લીધા:** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૨- ૨૫૯૭- ચ, તા.૨૩-૨-૨૦૦૪.

**પ્રસ્તાવના :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાથીઓની પસંદગી માટેની સમિતિની રચના તથા કાર્ય પધ્ધતિ નિયત કરવા બાબતે ઉપર વંચાણે લીધેલ ઠરાવથી કરવામાં આવી હતી. તે મુજબ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ તથા ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે ઉકત સમિતિ ધ્વારા લાભાર્થીઓની પસંદગી કરવામાં આવતી હતી.

પરંતુ અનુભવે એવુ જણાયેલ છે કે આ કામગીરી ધણી વિશાળ છે. દરેક નિગમોની અરજીઓની ચકાસણી ખુબજ સમય માંગી લે તેવી અને ક્ષેત્રિય કક્ષાની કામગીરી છે. લાભાર્થીઓની પસંદગીને બદલે સમિતિએ તમામ અરજીઓની ચકાસણી કરવાની હોય તેવું અર્થધટન કરવામાં આવે છે, જે યોગ્ય જણાયેલ નથી. ઉપર વંચાણે લીધેલ ઠરાવમાં જણાવ્યા મુજબ, જે તે મેનેજીંગ ડીરેકટરશ્રીએ મળેલ તમામ અરજીઓની ચકાસણી કરાવી તે પૈકી પાત્રતા ધરાવતા લાભાર્થીની અરજીઓજ સમિતિ સમક્ષ પસંદગી માટે રજુ કરવાની છે. તેથી ઉપર દર્શાવેલ નિગમો માટે આ સમિતિની પુનઃ રચના કરવાનું તથા કાર્ય પધ્ધતિનુ સ્પષ્ટિકરણ કરવાનુ વિચારણા હેઠળ હતુ.

**ઠ રા વ :**

૧.(અ) ઉપર વંચાણે લીધેલ તા.૨૩-૨-૨૦૦૪ ના ઠરાવને ક્રમ-બ માં દર્શાવેલા નિગમો પુરતો રદ્દ કરવામાં આવે છે.

(બ) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ તથા ઠાકોર અને કોળી વિકાસ નિગમ ધ્વારા

રૂ.૧.૦૦ (એક)લાખ સુધીના સીધા ધિરાણ માટે સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવે છે.

સમિતિ

| ક્રમ | અધિકારીનો હોદો | સમિતિમાં હોદો |
|---|---|---|
| ૧ | નિગમના મેનેજીંગ ડિરેકટરશ્રી | કન્વીનર |
| ૨ | નિગમના અન્ય અધિકારી | સભ્ય |
| ૩ | નિગમની કામગીરી સાથે સંકળાયેલા સંયુકત સચિવ/ નાયબ સચિવશ્રી અથવા તેઓશ્રીના પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | નિગમની કામગીરી સાથે સંકળાયેલા સબંધિત ખાતાના વડા નિયામકશ્રી અથવા તેઓશ્રીના પ્રતિનિધિ | સભ્ય |

(ક) કાર્યપધ્ધતિ :

નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું ઠરાવવામાં આવે છે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવા તમામ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.

(૧) જે તે નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીએ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવતી તમામ અરજીઓ, નિયમોનુસારની ખરાઇ કરી, જરુરી વાંધાઓ દૂર કરીને જ સંકલિત રીતે રજુ કરવાની રહેશે.

(૨) સમિતિ સમક્ષ રજુ કરવામાં આવતી અરજીઓનું યોજના / જિલ્લાવાર એકત્રિત પત્રક, ફાળવવામાં આવેલ લક્ષ્યાંકને ધ્યાને રાખી, રજુ કરવાની રહેશે, જેથી કોઇ તાલુકા / જિલ્લા પ્રતિનિધિત્વ વગર રહી જતા હોય તો તે ધ્યાને લાવી શકાય.

(૩) આવા પત્રકમાં દર્શાવેલ તમામ અથવા પોતાને યોગ્ય લાગે તેવી અરજીઓની ચકાસણી, જરુર જણાયે, સમિતિ કરી શકશે.

(૪) નામંજુર કરવા અંગે પણ વિગતવાર પત્રક, સીમતિ સમક્ષ રજુ કરવાનું રહેશે.

૨. ઉપર્યુકત ફકરામાં જણાવેલ ચારેય નિગમો માટે રૂ.૧.૦૦ લાખ (એક લાખ)થી વધુ રકમના સિધા ધિરાણ માટે લાભાર્થીઓની પસંદગી માટે નીચે દર્શાવ્યા મુજબની સમિતિ રહેશે.

સમિતિ

| ક્રમ | અધિકારીનો હોદો | સમિતિમાં હોદો |
|---|---|---|
| ૧ | વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી અને હોદાની રુએ નિગમના અધ્યક્ષશ્રી | સમિતિના અધ્યક્ષ |
| ૨ | નિગમના ઉપાધ્યક્ષશ્રી | સભ્ય |
| ૩ | નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી | કન્વીનર |
| ૪ | નિગમની કામગીરી સાથે સંકળાયેલ સંયુકત સચિવ/ નાયબ સચિવશ્રી | સભ્ય |
| ૫ | નાણા સલાહકારશ્રી, સા.ન્યા.અને અ.વિભાગ | સભ્ય |
| ૬ | નિગમની કામગીરી સાથે સંકળાયેલા સબંધિત ખાતાના વડા નિયામકશ્રી | સભ્ય |

આ સમિતિ સમક્ષ રજુ કરવાની થતી દરખાસ્તો માટે, ઉપર ફકરા-૧ માં દર્શાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

૩. આ ઠરાવનો અમલ તા.૧-૧-૨૦૦૮ થી ગણવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બકુલેશ શાહ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ / અમદાવાદ.

હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

સિલેકટ ફાઇલ.

A1.LETAR.૧૮-૩--૦૮.